GSTIN: 24AAALM0547L1DB
કચેરી :- ૦૨૬૧-૨૪૫૫૩૦૧ થી ૨૪૫૫૩૦૪
અધ્યક્ષશ્રી :- ૦૨૬૧-૨૪૨૦૩૨૦
શાસનાધિકારી : (ઓ) ૦૨૬૧-૨૪૨૦૩૨૨
ઈ-મેઈલ :- info@msbsurat.in
વેબસાઈટ :- www.municipalschoolboardsurat.org

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત.

ડાંસડી વાડ, જૂના બસ સ્ટેન્ડ પાસે, ભાગળ,સુરત-૩૯૫૦૦૩

ક્રમ.નં.- જા.નં. ૬૪૬૩ તા.- તા.૦૮/૦૮/૨૩

પ્રતિ,

..............................

..............................

..............................

..............................

વિષય : ૧૫ મી ઓગષ્ટ અને ૫ મી સપ્ટેમ્બર નિમિતે ફોટોગ્રાફીની કામગીરી માટેના ભાવ આપવા બાબત.

સંદર્ભ : તા. ૦૭/૦૮/૨૦૨૩ ની નોંધ પર મે. અધ્યક્ષશ્રીની મળેલ મંજુરી અન્વયે.

મહાશય,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુરત દ્વારા રાષ્ટ્રીય પર્વ ૧૫ મી ઓગષ્ટ અને ૫ મી સપ્ટેમ્બર શિક્ષક દિનની ઉજવણીના કાર્યક્રમમાં ફોટોગ્રાફીની જરૂરીયાત છે આ માટે નીચે મુજબની શરતોને આધિન ફોટોગ્રાફી/વિડીયોગ્રાફી સર્વિસ પુરી પાડ્વા માંગતા હોય તો આપના ભાવો સંસ્થાના લેટર પેડ પર બંધ કવરમાં તા. ૧૦/૦૮/૨૦૨૩ને સાંજના ૫ : ૦૦ ક્લાક સુધીમાં મળી રહે તે રીતે રૂબરૂ/કુરીયર/પોસ્ટ મારફત પહોંચતા કરવાના રહેશે. સુધીમાં અત્રેની કચેરીને પુરા પાડ્વા માટેના ભાવ આપવા બાબત.

શરતો :

(1) ઈજારદારની કામગીરીમાં વપરાતી સાધન સામગ્રીની વ્યવસ્થા કોન્ટ્રાકટરે પોતાના ખર્ચે કરવાની રહેશે. તેમજ કોન્ટ્રાકટમાં રોકાયેલા કામદારોનાં મહેતાણું કોન્ટ્રાકટરે ચુકવવાનું રહેશે.અને તે મહેનતાણા અંગે કોઈપણ પ્રકારની ફરીયાદ અત્રેની કચેરીએ આવવી જોઈએ નહી. આકસ્મિક કોઈ ઘટના થાય તો ઈજારદાર તરફથી રોકાયેલા માણસોનાં હકક માટે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરતની કોઈ જવાબદારી રહેશે નહી.

(2) ફોટોગ્રાફી અંગેની કામગીરી માટે રોકેલા કામદારોને અકસ્માત/ઈજા થાય તો તેની પુરેપુરી જવાબદારી કોન્ટ્રાકટર/ઈજારદારની રહેશે.

(3) ફોટો કોપી સારી ગુણવત્તામાં તથા આપેલ સ્પેશિફિકેશન મુજબની હોવી જોઈએ.

(4) ઓર્ડરમાં જે કવોન્ટીટી દર્શાવેલ છે તેમાં સ્થળ સ્થિતિ અનુસાર ૩૦% વધ/ઘટ થઈ શકે છે અને આ અંગે કોન્ટ્રાકટર કોઈપણ પ્રકારનો કેસ કરી શકશે નહિ.

(5) તમામ ટેક્ષ , જી.એસ.ટી., ટ્રાન્સપોર્ટેશન, મજુરી સાથેના ભાવો ભરવાના રહેશે.

(6) આપના દ્વારા ભરેલ ભાવોમાં પાછળથી કોઇ પણ પ્રકારના ફેરફાર કરી શકાશે નહિ.

(7) આપના દ્વારા ભરેલ ભાવો અંકમાં અને શબ્દોમાં વિસંગતતા જોવા મળશે તો શબ્દોમાં દર્શાવેલ ભાવો માન્ય રાખવામાં આવશે.

(8) ભાવપત્રક આ સાથે સામેલ છે. જે નમુનામાં જ એજન્સીના લેટર પેઈડ પર ભાવ ભરવાના રહેશે જેની ખાસ નોંધ લેશો.

(9) કામગીરી માટે સબંધિત ઈજારદારને ૨૪ કલાક અગાઉ લેખીત જાણ કરવામાં આવશે. તેમ છતાં ખાસ સંજોગોમાં ૧૨ કલાકની ટૂંકી મુદતથી મૌખીક/ લેખીત જાણ કર્યેથી ઈજારદારે કામગીરી  કરવાની રહેશે. જો તેમ કરવામાં ઈજારદાર નિષ્ફળ જાય તો ઈજારદારનાં ખર્ચે અને જોખમે અન્ય એજન્સી પાસેથી તેઓનાં ભાવો મુજબ કામગીરી કરાવી લેવામાં આવશે.

(10) ઈજારદારે કાર્યક્રમના સ્થળે અડધો કલાક પહેલા હાજર રહેવાનું રહેશે. જે તે સ્થળે આપેલ કામગીરી સમયમર્યાદા મુજબની પુરી પાડવામાં ન આવે તો મોડુ થયે અડધા કલાકના  ૦.૨૦% પ્રમાણે વિલંબીત ખર્ચ વસુલ લેવામાં આવશે.

(11) નિયત સમયબાદ મળેલ ભાવ પત્રકના કવરો સ્વીકારવામાં આવશે નહિ.

(12) બંધ કવર પર "ફોટોગ્રાફીના ભાવપત્રક" એવુ સ્પષ્ટ લખવાનું રહેશે.

ઈ.ચા.શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
સુરત

## ફોટોગ્રાફી (સી.ડી.)ના ભાવપત્રક

| Item Number (upto 200 | Item Description (Name Of Company) | Quantity (only figures) | UNIT (upto 50 characters) | રૂ. અંકમા | ભાવ શબ્દોમાં |
|---|---|---|---|---|---|
| 1 | Cabinet Size Color photo 4"X6" | 1 | Per Pcs. | | |
| 2 | For Extra Copy of 4"X6" | 1 | Per Pcs. | | |
| 3 | 6"X 8" Color Photo | 1 | Per Pcs. | | |
| 4 | 4 X 6 = 24 Folder - 1 Album Big Size | 1 | Per Pcs. | | |
| 5 | 6 X 8 = 54 Folder - 1 Album Medium Size | 1 | Per Pcs. | | |
| 6 | 16 X 3 = 72 Folder - 1 Album Small Size | 1 | Per Pcs. | | |
| 7 | To Make Photo CD of Programme | 1 | Per Pcs. | | |
| 8 | 8 X 12 LED Screen - Rent for One Day | 1 | Per Pcs. | | |
| 9 | One Day Extra Photograph - DSLR | 1 | Per Pcs. | | |